### તા.પં.ની ૨૪ પૈકી ભાજપે ૨૩ જ્યારે એક બેઠક અપક્ષ ઉમેદવારે જીતી છે

# ગણદેવી તાલુકા પંચાયતનાં અપક્ષ સભ્ય ઉપર ધોળા દિવસે હુમલો

**ગૌચર** જમીન પર રેતીનો જથ્થો રાખવા સામે રજૂઆત કરી કાર્યવાહીની માંગ કરી હતી

**આ** અદાવતમાં જ હુમલો થયો હોવાની શંકા સેજલ પટેલે વ્યક્ત કરી

બીલીમોરા : ગણદેવી તાલુકા પંચાયતના એકમાત્ર અપક્ષ સભ્ય સેજલભાઈ પટેલ ઉપર રવિવારે બપોરે આંતલીયા ચાર રસ્તા ઉપર ચાર શખ્સોએ ઘેરી લઈને માર માર્યો હતો. હુમલામાં ઇજાગ્રસ્ત સેજલ પટેલને સારવાર માટે બીલીમોરાની મેંગુશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ગણદેવી તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠકો પૈકી ભાજપે ૨૩ બેઠકો મેળવી સત્તા જાળવી રાખી છે, જ્યારે ઉંડાચ બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે સેજલ પટેલ વિજેતા બન્યા હતા. તાલુકા પંચાયતના એકમાત્ર અપક્ષ સભ્ય તરીકે તેઓ વિવિધ પ્રશ્નો અંગે સક્રિય રીતે રજૂઆતો કરતા હતા. દરમિયાન ઉંડાચની ગૌચર જમીન ઉપર કથિત રીતે ગેરકાયદે રેતીનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. આ અદાવતમાં હુમલો થયો હોવાની આશંકા સેજલ પટેલ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

સેજલ પટેલના જણાવ્યા મુજબ, તેઓ આંતલીયા ચાર રસ્તા ઉપર હતા ત્યારે ચાર શખ્સોએ તેમને ઘેરી મારી નાખવાની ધમકી આપી માર માર્યો હતો. મારના કારણે તેઓ જમીન પર પડી ગયા બાદ હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઇજાગ્રસ્ત સેજલ પટેલને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સેજલ પટેલે બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. દરમિયાન હોસ્પિટલથી સેજલ પટેલે મીડિયા સમક્ષ હુમલો કરનારામાં ભરત, વિપુલ, ધર્મેશ અને નિલેશના નામ જણાવ્યા હતા. જોકે, પોલીસ ફરિયાદ નોંધાયા બાદ તપાસના આધારે આરોપીઓના સંપૂર્ણ નામ-સરનામા અને ઘટનાની હકીકત અંગે વધુ સ્પષ્ટતા થઈ શકશે.ગણદેવી તાલુકા પંચાયતના એકમાત્ર અપક્ષ સભ્ય પર જાહેર માર્ગ ઉપર ધોળા દિવસે થયેલા કથિત હુમલાને પગલે સ્થાનિક રાજકીય અને સામાજિક વર્તુળોમાં પણ ચર્ચા શરૂ થઈ છે.

## મહુવા સુગરના નવનિયુક્ત ડિરેક્ટર હિમાંશુ પટેલનું હાર્ટ એટેકથી નિધન



અનાવલ : અંબિકા તાલુકાના વેલણપુર ગામના વતની અને સહકારી ક્ષેત્રના આગેવાન હિમાંશુ પટેલનું હાર્ટ એટેકથી અચાનક નિધન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. તાજેતરમાં યોજાયેલી મહુવા સુગર ફેક્ટરીની ચૂંટણીમાં હિમાંશુ પટેલ ડિરેક્ટર તરીકે વિજેતા બન્યા હતા. સહકારી ક્ષેત્રે સક્રિય રહી તેમણે આગવી ઓળખ ઊભી કરી હતી. ડિરેક્ટર તરીકેની નવી જવાબદારી સંભાળે તે પહેલાં જ તેમના અચાનક અવસાનના સમાચારથી પરિવારજનો, સગાસંબંધીઓ અને શુભેચ્છકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. તેમના નિધનથી સહકારી ક્ષેત્રે પણ મોટી ખોટ પડી છે તેમના અવસાનના સમાચાર મળતાં વેલણપુર સહિત આસપાસના ગ્રામજનો અને સહકારી આગેવાનો મોટી સંખ્યામાં પરિવારને સાંત્વના આપવા પહોંચ્યા હતા.

# પીપોદરા GIDCમાં મોડી રાત્રે બાલાજી ફેક્ટરીમાં ભીષણ આગ

**આસપાસના** વિસ્તારમાં ભયનો માહોલ છવાયો, આગ આઠ કલાકે કાબૂમાં આવી



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પીપોદરા જીઆઈડીસીમાં આવેલી યાર્નમાંથી કપડા બનાવતી બાલાજી નામની જાણીતી કંપનીમાં મોડી રાત્રે એકાએક આગ ફાટી નીકળી હતી. યાર્નનો મોટો જથ્થો હોવાથી આગની ચપેટમાં આવતા આગે મોટું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આગના ગોટે ગોટા ઊઠતા આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આગની જાણ થતા પાલોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી લાગેલી આગ વિકરાળ હોવાથી ભેગી થયેલી જનતાની ભીડને દૂર કરવી પડી હતી. આગ પર કાબૂ મેળવવા માટે સુરતના વરાછા, કામરેજ અને સુમિલોન કંપનીના ફાઈટરો તેમજ પીપોદરા ગ્રામ પંચાયતના 20 જેટલા ટ્રેક્ટર દ્વારા ઘટના સ્થળે પાણી પહોંચાડીને પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો પરંતુ આગ એટલી મોટી વિકરાળ હતી કે રાત્રે 3:00 વાગ્યે લાગેલી આગ છેક સવારે 11 વાગ્યે કાબૂમાં આવી હતી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું હાલ અનુમાન લગાવવામાં આવ્યું છે. આગમાં યાર્નનો મોટી માત્રામાં જથ્થો ખાખ થઈ ગયો હતો. અને ફેક્ટરીની બિલ્ડિંગને પણ મોટું નુકસાન થવા પામ્યું હતું. કેટલું નુકસાન થયું છે તે તંત્ર દ્વારા સરવે કરવામાં આવ્યા પછી જ જાણવા મળશે.

## ટેકાના ભાવે પાક વેચવા હવે 24 ઓક્ટોબર સુધી રજિસ્ટ્રેશન

ગાંધીનગર : રાજ્ય સરકારે ખેડૂતોને રાહત આપતાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની મુદતમાં 15 દિવસનો વધારો કર્યો છે. અગાઉ 9 ઓક્ટોબર સુધીની સમયમર્યાદા હવે વધારીને 24 ઓક્ટોબર, 2026 કરવામાં આવી છે. પરિણામે રાજ્યના ખેડૂતો મગફળી, મગ, સોયાબીન અને અડદ જેવા ખરીફ પાકો ટેકાના ભાવે વેચવા માટે વધુ સમય મેળવી શકશે. ખેડૂતો અને વિવિધ લોકપ્રતિનિધિઓ તથા ખેડૂત પ્રતિનિધિઓ તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો હોવાનું કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું. ખેડૂતોને સમયસર રજિસ્ટ્રેશન કરાવી સરકારી ટેકાના ભાવનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. બીજી તરફ આગામી રવિ ઋતુ માટે પ્રમાણિત બિયારણ, સીડ મિની કીટ અને નિદર્શન ઘટકોનો લાભ મેળવવા માટે 'આઈ-ખેડૂત પોર્ટલ' પણ 4 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે.

# નિવેદન મુદ્દે ભાજપના કાર્યકર્તા સાથે શંકરસિંહની શાબ્દિક ટપાટપી

**શંકરસિંહે** કહ્યું 'દલિતોની જૂની સ્થિતિનો રેફરન્સ હતો, યુવકે કહ્યું તો બ્રાહ્મણ, વાણિયા અને પટેલની જ્ઞાતિને વચ્ચે કેમ લાવ્યા?

સુરતઃ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના સવર્ણ જ્ઞાતિઓ અંગેના વિવાદાસ્પદ નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. આ મામલે સુરતના ભાજપના યુવા કાર્યકર્તા અભી ઠાકરે બાપુને સીધો વોટ્સએપ કોલ કરીને આકરા સવાલો પૂછ્યા હતા. બંને વચ્ચે થયેલી આશરે સાડા સાત મિનિટની વાતચીતનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વિવાદ વધુ વકર્યો છે.

શંકરસિંહ વાઘેલાએ નર્મદામાં નિવેદન આપતાં કહ્યું હતું કે, પટેલ, વાણિયા કે બ્રાહ્મણમાંથી કોઈને મેલું ઉપાડવાની નોકરી કરવી હોય તો તેઓ મહિને રૂ.50 હજાર આપવા તૈયાર છે. આ નિવેદન સામે સવર્ણ સમાજમાં નારાજગી જોવા મળી રહી છે.

અભી ઠાકરે ફોન પર સવાલ કર્યો હતો કે, દલિતોની જૂની સ્થિતિનો રેફરન્સ આપવો હતો તો તેમાં બ્રાહ્મણ, વાણિયા અને પટેલની જ્ઞાતિઓને વચ્ચે લાવવાની શું જરૂર હતી? તેમણે બાપુને યાદ અપાવ્યું હતું કે, તેઓ અગાઉ ક્ષત્રિય સમાજને બ્રાહ્મણોની રક્ષા કરવાના સંસ્કારની વાત કરતા હતા. તો પછી આવી ટિપ્પણી કેમ કરી? રાજકીય નિવેદનો દ્વારા સમાજો વચ્ચે વિભાજન ઊભું કરવું યોગ્ય નથી, તેમ કહી તેમણે જાહેર માફી અથવા સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરવાની માંગ કરી હતી.

ઠાકરે વધુમાં દાવો કર્યો હતો કે, સુરત મહાનગરપાલિકામાં પણ બ્રાહ્મણ અને પટેલ સમાજના યુવાનો રૂ.20થી 25 હજારના પગાર માટે ગટરમાં ઊતરીને કામ કરી રહ્યા છે. આજે દરેક સમાજના લોકો આર્થિક જરૂરિયાત મુજબ વિવિધ કામ કરે છે, ત્યારે જ્ઞાતિના આધારે ટિપ્પણી કરવાથી સ્વાભિમાનને ઠેસ પહોંચે છે. બીજી તરફ, બ્રહ્મ સમાજના અગ્રણી યજ્ઞેશ દવે અને પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયાએ પણ વિરોધ નોંધાવી માફીની માંગ કરી છે. આમ, શંકરસિંહ વાઘેલાના નિવેદનનો વિવાદ હવે સુરત સહિત ગુજરાતમાં રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે.

અંતમાં યુવકે શંકરસિંહ વાઘેલાને રૂબરૂ મળવાને બદલે અથવા મીડિયામાં જવાને બદલે સીધી રીતે સોશિયલ મીડિયા પર જ ખુલાસો કરવાની માગ કરી હતી. ઠાકરે કહ્યું કે, સાહેબ તમારી આ પોસ્ટ અને કટિંગ્સ ઘણા સમાજના ગ્રુપોમાં ફરે છે અને અમારી ઓકાત બતાવવાની વાતો થાય છે. તમે સોશિયલ મીડિયા પર બહુ એક્ટિવ છો, તો તેમાં જ સમાજ અને જ્ઞાતિને એક વાત કહીને ડાયરેક્ટ સ્પષ્ટતા કરી દો. બાપુને તેમની આ ભૂલ સમજીને જાહેર માફી કે ખુલાસો કરવાની અપીલ કરી હતી.



# મુખ્યમંત્રીએ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી

**ભુપેન્દ્ર** પટેલે પ્રદર્શનની મુલાકાતે આવેલા નાગરિકો સાથે સંવાદ પણ કર્યો

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પ્રદર્શનની મુલાકાતે આવેલાં નાગરિકો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે વિવિધ લોકલક્ષી યોજનાઓના માધ્યમથી તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો અને આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે.

## ગુજરાત કોંગ્રેસમાં ફરી 6 જિલ્લામાં નવા પ્રમુખોની નિમણૂક થશે

ગાંધીનગર : ગુજરાત કોંગ્રેસમાં સંગઠનને વધુ સક્રિય બનાવવાની કવાયતના ભાગરૂપે ફરી એકવાર મોટા ફેરફારના એંધાણ મળી રહ્યા છે. અમરેલી, બનાસકાંઠા, પંચમહાલ, અરવલ્લી, મોરબી અને વડોદરા-આ છ જિલ્લામાં નવા જિલ્લા પ્રમુખોની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.અમરેલીમાં હાલ જિલ્લા પ્રમુખ તરીકે પ્રતાપ દુધાત છે, પરંતુ છેલ્લા એક વર્ષથી તેમની સંગઠનમાં સક્રિયતા ઘટી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બનાસકાંઠા અને વાવ-થરાદના જિલ્લા વિભાજન બાદ પણ સંગઠનાત્મક માળખામાં ફેરફાર જરૂરી બન્યો છે. વાવ-થરાદના જિલ્લા પ્રમુખ તરીકે ગુલાબસિંહ રાજપૂત યથાવત્ છે, જ્યારે બનાસકાંઠા માટે નવા જિલ્લા પ્રમુખની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પંચમહાલમાં પૂર્વ જિલ્લા પ્રમુખના ભાજપમાં જોડાણ બાદ કોંગ્રેસે નવા નેતૃત્વની પસંદગી કરવી પડી છે. મોરબીમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોર ચીખલિયાના અવસાનને કારણે પ્રમુખપદ ખાલી પડ્યું છે.

# નઘોઈના બ્રેઈનડેડ મંજુલાબેનના અંગદાનથી પાંચને નવજીવન

**ઓલપાડના** ધારાસભ્ય મુકેશભાઈ પટેલની પહેલથી ડોનેટ લાઇફને જાણ કરાઈ





સુરત : ઓલપાડના નઘોઈ ગામનાં ૫૬ વર્ષીય મંજુલાબેન કાંતિભાઈ પટેલ બ્રેઈનડેડ થયા બાદ તેમના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓના જીવનમાં ઉજાસ ફેલાવ્યો છે. પૂર્વ મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલે તેમના મામી મંજુલાબેનના બ્રેઈનડેડ અંગે ડોનેટ લાઈફના CEO નીરવ માંડલેવાલાનો સંપર્ક કરી પરિવારની અંગદાનની ઈચ્છા અંગે જાણ કરી હતી.

મંજુલાબેન તા. ૧ ઓક્ટોબરે પતિ સાથે કવાસથી નઘોઈ પરત ફરી રહ્યાં હતાં ત્યારે ભેસાણ ચોકડી પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે લાઈફલાઈન મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ખસેડાયા બાદ CT સ્કેનમાં બ્રેઈન હેમરેજ જણાયું હતું. ન્યુરોસર્જન ડૉ. હરીન મોદીએ ક્રેનિયોટોમી કરી હતી. જોકે તા. ૩ ઓક્ટોબરે તબીબોની ટીમે તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. મુકેશભાઈ પટેલની જાણ બાદ ડોનેટ લાઈફની ટીમે પરિવારનું કાઉન્સેલિંગ કર્યું હતું. મંજુલાબેનના પતિ કાંતિભાઈએ કહ્યું હતું કે, "અંગો તો રાખ થઈ જવાના છે, ત્યારે જેટલા અંગોનું દાન થઈ શકે તેટલું કરાવી અંગ નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપો." પરિવારની સંમતિ બાદ અંગદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

### અનુસંધાન... પાના છેલ્લાનું

#### સાયણમાં હવે...

વધારી દીધું હતું. પોલીસની સમજાવટ બાદ ટોળાં વિખેરાયાં હતાં. દરમિયાન કેટલાક કારીગરોએ પોલીસ દ્વારા હળવા લાઠીચાર્જનો આક્ષેપ કર્યો હતો. જોકે પોલીસે લાઠીચાર્જના આક્ષેપને નકારી કાઢ્યો હતો. રવિવારની રજાનો મુદ્દો પાંડેસરા જીઆઈડીસી સુધી પણ પહોંચ્યો હતો. લક્ષ્મીપતિ ગ્રુપના કમ્પોઝિટ યુનિટ બહાર કારીગરોનું ટોળું એકત્ર થતાં હંગામાની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે સ્થળ પર પહોંચી સમજાવટ કરી ટોળાને પરત મોકલ્યું હતું.

લક્ષ્મીપતિ ગ્રુપના સંચાલક સંજય સરાવગીએ જણાવ્યું હતું કે, પાંડેસરામાં તેમના કમ્પોઝિટ યુનિટમાં પ્રોસેસિંગ, વિવિંગ, નીટિંગ અને પ્રિન્ટિંગ સહિતના વિભાગો કાર્યરત છે અને એમ્બ્રોઈડરીનો હિસ્સો ખૂબ નાનો છે. તેમના જણાવ્યા મુજબ, યુનિટમાં કામ કરતા કારીગરોની કોઈ ફરિયાદ ન હોવા છતાં બહારથી ટોળું આવી હંગામો કરતું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે ડ્રમ, જેટ અને તાકા ફોલ્ડિંગનું કામ કરતી આશરે 100 જેટલી ડેઈલી વેજ મહિલા કામદારો ભયના કારણે કામ છોડીને જતી રહી હતી. ચોક્કસ યુનિટને ટાર્ગેટ કરીને ટોળું આવ્યું હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

#### સરોલીમાં લોકો...

18), સતિશભાઈ (ઉ.વ. 46) અને રાજુભાઈ (ઉ.વ. 56) સહિત છ લોકો ફસાયા હતા.

આ અંગે રાજ્ય સરકારની 'વન નેશન, વન હેલ્પલાઇન' 112 ઉપરથી સુરત ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. જોકે કોલમાં સરોલી અને સારોલી નામને લઈને ગૂંચવણ સર્જાઈ હતી. સારોલી ઓલપાડ વિસ્તારમાં આવેલું છે, જ્યારે સરોલી પુણાગામથી આગળના વિસ્તારમાં આવે છે. પરિણામે સુરત ફાયર કંટ્રોલ રૂમે શરૂઆતમાં મોરા ભાગળ ફાયર સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. બાદમાં સ્થળની પુષ્ટિ થતાં પુણાગામ ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. સ્થળનું લોકેશન નક્કી કરવામાં સમય લાગતાં પુણાગામ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચવામાં આશરે અડધો કલાક લાગી ગયો હતો.

#### ફાયર વિભાગે...

હતી. હવે 112 મારફતે મળતા કેટલાક કોલમાં લોકેશનને લઈને ગૂંચવણ સર્જાતાં ફાયર વિભાગની ટીમને સ્થળ સુધી પહોંચવામાં વધારાનો સમય લાગી રહ્યો છે. આ

સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવા માટે સુરત ફાયર વિભાગે વોટ્સએપ જૂથ બનાવી સંબંધિત કર્મચારીઓ વચ્ચે સંકલન વધારવાની કામગીરી શરૂ કરી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત ફાયર વિભાગ દ્વારા ગુજરાત ફાયર વિભાગના નિયામક નલીન ચૌધરીને પણ સમગ્ર સમસ્યા અંગે રજૂઆત કરવામાં આવી છે.

#### દીકરીને બોલ...

શબ્દો કહી તેની દીકરીની સામે માફી મંગાવી હતી. આ ઘટનાથી બાળક ગભરાઈ ગયો હતો અને રડવા લાગ્યો હતો. બાદમાં રાત્રે ઊંઘમાંથી ચમકીને જાગી જવા તેમજ તાવ આવવા સહિતની તકલીફ જણાતાં વાલીઓએ સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં ઈ-ટાવરના ફ્લેટ નં. ૭૧૯માં રહેતા વર્ધાન અમરીશ શાહે બાળક સાથે મારામારી કરી હોવાનું જોવા મળ્યું હતું. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે વર્ધાન શાહની ધરપકડ કરી છે.

#### સુરતના સોલિડવેસ્ટના...

ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે સંબંધિત પક્ષની ઇન્વોઇસના આધારે135 કરોડની ટર્મ લોન મેળવવામાં આવી હતી. ત્યારબાદ આ નાણાં મંજૂર હેતુથી અલગ દિશામાં વાળવામાં આવ્યા અથવા સગેવગે કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

આ કથિત નાણાકીય ગેરરીતિના કારણે PNBને આશરે 93.44 કરોડનું નુકસાન થયું હોવાનું CBI કહે છે. FIRમાં કંપની ઉપરાંત તેના ડિરેક્ટરો અને ગેરન્ટરો સાથે અજાણ્યા સરકારી અધિકારીઓ તથા અન્ય ખાનગી વ્યક્તિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. CBIએ ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને Prevention of Corruption Act હેઠળની જોગવાઈઓના સંદર્ભમાં તપાસ હાથ ધરી છે.

CBIએ 3 ઓક્ટોબરે મુંબઈમાં હંજર બાયોટેકના ડિરેક્ટરો સાથે સંકળાયેલા અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સર્ચ દરમિયાન બેંકિંગ વ્યવહારો તથા મિલકતોને લગતા દસ્તાવેજો સહિત તપાસને ઉપયોગી સામગ્રી જપ્ત કરવામાં આવી હોવાનું CBIએ જણાવ્યું છે.

#### સરોલીની કાપડ...

લલીતકિશન અરવિંદકુમાર સાઢ અને તેમની પત્ની નિધી લલીતકિશન સાઢ સાથે મુલાકાત કરાવી હતી. વેપારી દંપતી અને દલાલના વિશ્વાસમાં આવીને ભરતભાઈએ એપ્રિલથી ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન પોતાની ત્રણેય ફર્મમાંથી તબક્કાવાર કુલ રૂ. ૧,૮૪,૧૮,૦૭૭/- નો ગ્રે કાપડનો માલ સારોલી ખાતે રવાના કર્યો હતો. શરૂઆતમાં આરોપીઓએ ઠગાઈનો ઈરાદો પાર પાડવા માટે રૂ. ૫૯,૬૧,૩૬૯/- ચૂકવી દઈ પૂર્ણ વિશ્વાસ સંપાદિત કરી લીધો હતો. જોકે, ત્યારબાદ બાકી નીકળતી રૂ. ૧,૨૪,૫૬,૯૦૮/- ની માતબર રકમનું પેમેન્ટ ચૂકવવામાં અવારનવાર વાયદા કર્યા હતા. લેણી રકમની ઉઘરાણી કરવા માટે ભરતભાઈ જ્યારે સારોલી સ્થિત દુકાને પહોંચ્યા ત્યારે દુકાનને તાળાં લટકેલાં મળ્યાં હતાં. આસપાસના વેપારીઓની પૂછપરછ કરતાં માલૂમ પડ્યું હતું કે આરોપીઓ રાતોરાત દુકાન બંધ કરી ઉઠામણું કરી ભાગી ગયા છે. આ અંગે ભરતભાઈ પટેલની ફરિયાદના આધારે સારોલી પોલીસે લલીતકિશન સાઢ, તેમની પત્ની નિધી સાઢ અને દલાલ રામશરણ યાદવ સામે છેતરપિંડીનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### અનુસંધાન... પાના પહેલાનું

#### પ્રેસ કાઉન્સિલે...

કરી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે શાહે આ કેસમાં FIR નોંધાય અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ, જ્યારે વડાપ્રધાને મહિલા અનામત કાયદો વહેલી તકે લાગુ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ; અન્યથા, તેમણે રાજીનામું આપવું જોઈએ. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે ત્રણ મહિલા પત્રકારોએ જંતર-મંતર પર રિપોર્ટિંગ કરી રહી હતી ત્યારે પોલીસ કર્મચારીઓ પર તેમની જાતીય સતામણી કરવાનો આરોપ લગાવ્યો છે.

#### સોના-ચાંદીની...

દ્વારા સમયાંતરે સૂચિબદ્ધ કરવામાં આવતી બેંકો અને નોમિનેટેડ એજન્સીઓ દ્વારા જ્યારે આ કિંમતી ધાતુઓની આયાત કરવામાં આવે છે, ત્યારે તેમને આ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યોના નાણાં મંત્રીઓની બનેલી જીએસટી કાઉન્સિલ ૨૦૧૭માં બેંકો અને નિયુક્ત એજન્સીઓને આપવામાં આવેલી ટેક્સ મુક્તિ પાછી ખેંચવા અંગે વિચારણા કરશે.

#### દર હજારથી ઓછી...

લાગુ પડી શકે છે, પછી ભલે તે એડજ્યુડિકેશન અથવા અપીલના તબક્કે હોય. રૂ. 10,000થી વધુની રકમની માગ માટે, ટેક્સ અધિકારીઓએ પહેલા કરદાતાને સૂચના મોકલવી પડશે અને ઔપચારિક નોટિસ આપતા પહેલા જવાબ આપવાની તક આપવી પડશે.

#### જીએસટી રજીસ્ટ્રેશન...

અરજદારોને માત્ર તેમને લાગુ પડતા વિભાગો જ બતાવશે અને અપલોડ કરવા માટે જરૂરી દસ્તાવેજોની યોગ્ય યાદી આપશે. રિર્ટન ફાઇલ કરવાની પ્રક્રિયા પણ સરળ બનાવવાના પગલા આવી શકે છે.

#### સ્માર્ટ લોજિસ્ટિક્સ...

જો દસ્તાવેજો ગાયબ હોય અથવા ખરીદદાર દ્વારા ટેક્સ ચૂકવવાપાત્ર હોય તો તેવા કિસ્સાઓમાં અપવાદ લાગુ પડશે. પ્રસ્તાવિત સિસ્ટમનો હેતુ સ્થાનિક અને નિકાસ કાર્ગોની હેરફેરને વધુ સુગમ બનાવવાનો છે.

#### કર્મચારીઓના વિમા...

ક્રેડિટ(ITC) દાવો કરવાની મંજૂરી આપવાની દરખાસ્ત પર વિચારણા કરે તેવી શક્યતા છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ(GST) કાયદા હેઠળ, વ્યક્તિગત રીતે પોતાના માટે કે પરિવાર માટે ખરીદવામાં આવતી લાઇફ કે હેલ્થ પોલિસી પર GST મુક્તિ આપવામાં આવે છે. જો કે, જ્યારે કોઈ વ્યવસાય તેના કર્મચારીઓ માટે લાઇફ અથવા હેલ્થ કવર ખરીદે છે, ત્યારે તે કવર પર ટેક્સ વસૂલવામાં આવે છે, અને અત્યાર સુધી વ્યવસાય તેના પર ITCનો દાવો કરી શકતો ન હતો. હાલમાં આવી તમામ ગ્રૂપ ઇન્સ્યોરન્સ પોલિસીઓ પર ૧૮ ટકા GST વસૂલવામાં આવે છે. GST કાઉન્સિલ હવે કર્મચારીઓ માટે વીમા કવર ખરીદવા બદલ વ્યવસાયોને ક્રેડિટ મેળવવાની મંજૂરી આપવાની દરખાસ્ત પર વિચાર કરશે.

#### ફ્લાયદુબઇ ફ્લાઇટને...

અજાણ્યા હીરોઝના કારનામાનું સૌથી વિગતવાર વર્ણન આપ્યું હતું. બીજી હરોળમાં બેઠેલા ડેનિયલ શ્લિક્તરે જણાવ્યું હતું કે, "આ એક ચમત્કાર સમાન છે." દર વખતે દરેક ફ્લાઈટમાં બે વધારાના પાઈલટ નથી હોતા. આ કિસ્સામાં, તેઓ તેમને એટલા માટે લાવ્યા હતા કારણ કે તેઓ વિમાનને તેલ અવીવથી પાછું દુબઈ લાવવાના હતા, અને માત્ર આ જ કારણસર તેઓ ત્યાં હાજર હતા, આ પ્રક્રિયાને 'ડેડહેડિંગ' કહેવાય છે. કોકપિટમાં શું બની રહ્યું હતું તેની ચીસાચીસ પાડતા મુસાફરોને જાણ થયા પછી આ બે પુરુષોએ ઝડપથી પ્રતિક્રિયા આપી હતી. અન્ય મુસાફરોની જેમ શ્લિક્તર પણ ચોક્કસ ન હતા કે આ બે પુરુષો ક્યાંથી આવ્યા હતા. પરંતુ જે પહેલો વ્યક્તિ હતો, તેણે ખૂબ જ ઝડપથી કામ કર્યું. ત્યારબાદ કટોકટીનો સંદેશ મોકલવામાં આવ્યો કારણ કે તે પુરુષો લેન્ડિંગ કરવા માટે તીવ્રતાથી સલામત જગ્યા શોધી રહ્યા હતા. દરમિયાન, કેટલાક ભયભીત અને શંકાસ્પદ મુસાફરો તેમના વિશે વિચારતા હતા કે શું તેમના પર વિશ્વાસ કરી શકાય. શ્લિક્તરે કહ્યું, "તેઓ વિમાનને સ્થિર કરવામાં સફળ રહ્યા તે પછી પણ તેમણે અમારી સાથે કોઈ સંપર્ક કર્યો ન હતો, અને મારે તમને કહેવું પડશે કે મને આ વાતની ચિંતા હતી." તેમને આનાથી પણ વધુ ખરાબ પરિસ્થિતિની ચિંતા હતી - કદાચ તે પુરુષો પ્લેનનું અપહરણ કરીને તેને ઈરાન કે અન્ય કોઈ જગ્યાએ લઈ જઈ રહ્યા હોય, કારણ કે આપણે ત્યાંથી બહુ દૂર ન હતા. પરંતુ લગભગ 45 મિનિટ પછી, તેમણે જણાવ્યું કે, પાઈલટોએ જાહેરાત કરી કે તેઓ સાઉદી અરેબિયાના તબૂકમાં લેન્ડિંગ કરવા જઈ રહ્યા છે અને બધું બરાબર થઈ જશે. શ્લિક્તરે કહ્યું કે, તેની સાથે જ તેમણે પાઈલટો પર વિશ્વાસ કરવાનો નિર્ણય લીધો. અને તે સાચો સાબિત થયો.

#### લાખો ભારતીયોને...

કલમ 14નું ઉલ્લંઘન કરે છે. જસ્ટિસ ભુયાને જણાવ્યું કે, જો કોઈ પ્રક્રિયા કરોડો ભારતીય નાગરિકોને મતાધિકાર વગરના બનાવીને પોતાના જ દેશમાં બીજા દર્જાના નાગરિક બનાવી દે, તો તેવી પ્રક્રિયા સ્વભાવગત રીતે જ મનસ્વી છે. કોઈપણ પ્રકારની 'વોટઅબાઉટરી' તેને વ્યાજબી ઠેરવી શકે નહીં. તેમણે ઉમેર્યું હતું કે, આવી પ્રક્રિયા બંધારણના મૂળ આત્મા પર પ્રહાર કરે છે અને હું ત્યાં સુધી કહીશ કે તે ભારત દેશમાં અપનાવવામાં આવેલી બંધારણીય વ્યવસ્થાનો જ નકાર છે. તેમણે પોતાના સંબોધનમાં કોઈ ચોક્કસ કવાયત કે સત્તાનું નામ લીધું ન હતું.

#### અધિકારીઓ પાસેથી...

ભાગરૂપે પ્રસ્તાવિત આ પગલાંનો હેતુ રજીસ્ટ્રેશન અને રિટર્ન ફાઈલિંગને સરળ બનાવવાનો, માલસામાનની હેરફેરને વધુ સુગમ કરવાનો અને કરદાતાઓ તથા ટેક્સ વિભાગ વચ્ચેના વિવાદો ઘટાડવાનો છે. આમાંના એક પ્રસ્તાવમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરતા નાના સેલર્સને જે રાજ્યોમાં તેમના પોતાના પરિસર નથી, ત્યાં પ્લેટફોર્મના વેરહાઉસને તેમના નોંધાયેલા વ્યવસાય સ્થળ તરીકે દર્શાવવાની મંજૂરી આપવાની માગ કરવામાં આવી છે. સેલરે કોઈપણ એક રાજ્યમાં પોતાની વાસ્તવિક હાજરી દર્શાવવાની રહેશે, જ્યાં ફિઝિકલ વેરિફિકેશન અને આધાર ઓથેન્ટિકેશન પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ અન્ય રાજ્યોમાં ટેક્સ અધિકારીઓની વધારાની દખલગીરી વગર ઈ-કોમર્સ પ્લેટફોર્મની સંમતિથી રજીસ્ટ્રેશન મેળવી શકાશે. સોર્સિસના જણાવ્યા મુજબ, આ પગલાથી લગભગ 9.5 લાખ નાના સેલર્સ જે-તે રાજ્યમાં ફિઝિકલ ઓફિસ સ્થાપ્યા વિના જ પોતાના માલનો સંગ્રહ કરીને દેશવ્યાપી બજાર સુધી પહોંચ બનાવી શકશે. સાથે જ સ્પર્ધાત્મક ઈ-કોમર્સ બિઝનેસ મોડલ્સ વચ્ચે ટેક્સ બાબતે સમાનતા ઊભી થશે. કાઉન્સિલ તેવા પ્રસ્તાવ પર પણ વિચાર કરી શકે છે જે હેઠળ જો કોઈ અપસ્ટ્રીમ સપ્લાયર ટેક્સ ભરવામાં ચુક કરે, તો પણ માન્ય ઈન્વોઈસ ધરાવતા પ્રમાણિક ખરીદદારોના ઈનપુટ ટેક્સ ક્રેડિટનું રક્ષણ કરવામાં આવશે. આવા કિસ્સાઓમાં રિકવરીની કાર્યવાહી ખરીદદારને બદલે ડિફોલ્ટ કરનાર સેલર સામે કરવામાં આવશે. આ પ્રસ્તાવનો હેતુ જીએસટી વિવાદો અને બિઝનેસ ક્ષેત્રે ઊભી થતી અનિશ્ચિતતાના મુખ્ય કારણને ઉકેલવાનો છે, ખાસ કરીને તે કંપનીઓ માટે જે નાના અને નવા વેન્ડર્સ પાસેથી ખરીદી કરે છે. કાઉન્સિલ ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા ઓર્ડર કરાયેલા માલની ડિલિવરી માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ વિના સિંગલ 5 ટકા જીએસટી દરના પ્રસ્તાવ પર પણ વિચાર કરી શકે છે. અન્ય પ્રસ્તાવોમાં ભારતીય કંપનીની વિદેશી શાખા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓની નિકાસ સ્થિતિ અંગેની સ્પષ્ટતા દૂર કરવી અને નિર્દિષ્ટ બેંકો તેમજ નામાંકિત એજન્સીઓ દ્વારા સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પરની IGST મુક્તિ પાછી ખેંચવાનો સમાવેશ થાય છે.

# ત્રણ હોસ્પિટલએ હાથ ઊંચા કર્યા, સ્મીમેરે તરૂણીને નવું જીવન આપ્યું

**શ્વાસની** ગંભીર તકલીફ છતાં ફેફસાં અને એક્સ-રે નોર્મલ

**એટિપિકલ** ગિલેન-બારે સિન્ડ્રોમનું નિદાન કરી ચાર સાયકલ પ્લાઝમાંફેરેસિસથી બાળકી સ્વસ્થ

સુરતઃ સ્મીમેર હોસ્પિટલના તબીબોએ અત્યંત ગંભીર અને જટિલ ન્યુરોલોજિકલ બીમારી સામે ઝઝૂમી રહેલી 13 વર્ષીય કિશોરીને નવજીવન આપ્યું છે. તાપી જિલ્લાના ઉમરવાડુધ ગામના ખેડૂત પરિવારની પુત્રી કૃશાની તબિયત અચાનક લથડતાં તેને ઉનાઈ, વાંસદા અને નવસારીની હોસ્પિટલોમાં સારવાર માટે લઈ જવાઈ હતી. સ્થિતિ વધુ ગંભીર બનતાં આખરે 20 સપ્ટેમ્બરે તેને સ્મીમેર હોસ્પિટલની કેઝ્યુઅલ્ટીમાં લાવવામાં આવી હતી. સ્મીમેરના તબીબોએ સમયસર સચોટ નિદાન કરી 'એટિપિકલ ગિલેન-બારે સિન્ડ્રોમ'ના મિલર ફિશર વેરિઅન્ટની આશંકા સાથે તાત્કાલિક સારવાર શરૂ કરી હતી. ચાર સાયકલ પ્લાઝમાફેરેસિસ બાદ કૃશા હવે સંપૂર્ણ સ્વસ્થ થઈ પોતાના પગે ચાલી રહી છે.

ખેડૂત રાકેશભાઈ ચૌધરીની 13 વર્ષીય પુત્રી કૃશાને શ્વાસ લેવામાં ભારે તકલીફ, આંખે ઝાંખું દેખાવું, માનસિક અસ્વસ્થતા તથા ચાલતી વખતે સંતુલન ગુમાવવા જેવી સમસ્યાઓ થઈ હતી. ત્રણ હોસ્પિટલોમાં સારવાર બાદ 20 સપ્ટેમ્બરે તેને અત્યંત ગંભીર હાલતમાં સ્મીમેર લાવવામાં આવી હતી. કૃશાને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી હોવા છતાં ફેફસાંની તપાસ અને છાતીનો એક્સ-રે નોર્મલ આવ્યો હતો.

જોકે, તેની સ્થિતિ ઝડપથી કથળી રહી હોવાથી સ્મીમેરના તબીબોએ તાત્કાલિક તેને ઈન્ટ્યુબેટ કરી વેન્ટિલેટર પર રાખી હતી. આ સમગ્ર સારવાર સ્મીમેર હોસ્પિટલના પીડિયાટ્રિક યુનિટ-3 હેઠળ હેડ ડૉ. અજય સેઠી, ડૉ. નિરાલી મહેતા, ડૉ. રાધિકા પટેલ અને ડૉ. ફાલ્ગુની ચૌધરીની આગેવાનીમાં કરવામાં આવી હતી. રેસિડેન્ટ ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, આયા અને વોર્ડ બોય સહિતના સ્ટાફે 24 કલાક કૃશાની સતત દેખરેખ રાખી હતી.


RAJHANS
ગોપીતળાવ
નવસારીબજાર, સુરત



ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય
દ્રશ્યમ-3
૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦,
૧.૦૦, ૨.૦૦, ૩.૦૦, ૪.૦૦,
૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૭.૪૫,
રાત્રે :- ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફકત રૂા. ૮૦/- થી શરૂ
ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...



દ્રશ્યમ-3
અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
(હિન્દી) સુપરહીટ ચિત્ર



ધ પેરેડાઈઝ
નાની જડાલ, રાઘવ, કીયાડુ લોહર
૧૨.૨૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ©: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm ©: @applecinemasurat
ક્રાઈમ, સસ્પેન્સ રહસ્ય



દ્રશ્યમ- 3
૮.૫૦,૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૧૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૪૫, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૨૦, રાત્રે : ૮.૨૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦
(હિન્દી) કોમેડી ફેમિલ ફિલ્મ



પ્રેમ કિતાનુ
ધ પેરેડાઈઝ
ચટણી
સુપરહીટ ફિલ્મ (હિન્દી)
હનુમાન અંશ
ગુજરાતી ફેમિલી ફિલ્મ
મિત્રતા
ધવ્વાન
સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
AVENGERS